જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦

તા.૨૯/૦૯/૨૦૨૩ શુક્રવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી અને જુગારધારા હેઠળ ઝડપાયા:- સમાચાર યાદી નં.૧૬૦૭/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૧૦ કેસ કરી, ૨૫ વ્યક્તિઓને ઝડપી, ૧૩૭ લીટર દેશી દારૂ, ૩૯ બોટલ ઈંગ્લીશ દારૂ, ૧૪૦ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૭૨ બિયર ટીન, ૦૧ કાર અને ૦૩ સ્કુટર કબજે કર્યા હતા. તેમજ જુગારધારા હેઠળ ૦૨ કેસ કરી, ૨૦ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૪૫,૪૩૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયા:- સમાચાર યાદી નં.૧૬૦૮/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૪૧ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પાસા હેઠળ ૦૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## ઘરફોડ:- સમાચાર યાદી નં.૧૬૦૯/૨૦૨૩

**સરદારનગર:** મુકેશભાઇ સ/ઓ વિનુભાઇ પુરોહીત (ઉ.વ.૫૫)(રહે,નિલકમલ ટેનામેન્ટ ગેલેક્ષી સિનેમા સામે નરોડા) એ સરદારનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૬/૦૯/૨૦૨૩ સવારના ૮/૩૦ થી તા.૨૭/૦૯/૨૦૨૩ બપોરના ૩/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનુ તાળુ તોડી, અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી, પેટી પલંગ અને તિજોરીમાંથી રોકડ રૂપિયા ૭૦,૦૦૦/- તેમજ ચાંદીના દાગીના મળી કુલ રૂપિયા ૭૬,૬૦૦/- મતાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ મ.સ.ઇ.શ્રી રમેશભાઇ વિરચંદભાઇ ચલાવે છે.

## ચોરી:- સમાચાર યાદી નં.૧૬૧૦/૨૦૨૩

**નરોડા:** ભુયંકભાઇ ભરતભાઇ પટેલ (ઉ.વ.૨૭)(રહે.સાર્થક શ્રીજી ફ્લેટ રાઘે એમ્પાયરની બાજુમાં કુડાસણ સેક્ટર-૭ ગાંધીનગર) એ નરોડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૮/૦૯/૨૦૨૩ બપોરના ૧૨/૪૫ થી ૧/૩૦ વાગ્યા દરમ્યાન નરોડા મુઠીયા રણાસણ ટોલટેક્ષ પાસે, “ધ ન્યુયોર્ક એમ્પાયર” નામની નવી બનતી સાઇડ આગળ પાર્ક કરેલ ભુયંકભાઇની હોન્ડા WRV ફોર વ્હીલ કારનો ડાબી સાઇડનો પાછળનો કાચ તોડી, અજાણી વ્યક્તિ કારની પાછળની શીટ ઉપર મુકેલ લાલ કલરની કપડાની થેલી કે જેમાં રોકડ રૂપિયા ૧૫,૬૩,૦૦૦/- હતા તે થેલીની ચોરી કરી લઈ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.ટી.દેસાઇ ચલાવે છે.

**કાગડાપીઠઃ** મીતાબહેન કિશનચંદ ધીરવાની (ઉ.વ.૬૩)(રહે.સૃષ્ટી એપાર્ટમેન્ટ, ભાવના સોસાયટી, પેટ્રોલ પંપની બાજૂમાં, ભૂલાભાઇ ચાર રસ્તા, ગીતામંદીર રોડ) એ કાગડાપીઠ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૭/૦૯/૨૦૨૩ બપોરના ૧/૧૫ થી ૧/30 વાગ્યા દરમ્યાન ગીતામંદીર રોડ, ભૂલાભાઇ ચાર રસ્તા કેનેરા બેન્કનાં ATM ખાતે મીતાબહેન "કેનેરા બેન્ક"નું ATM કાર્ડ લઇ રૂપિયા ઉપાડવા માટે ગયા હતા ત્યારે ATM મશીનમાંથી રૂપિયા ૩,૦૦૦/- ઉપાડ્યા બાદ રૂપિયા ઉપાડયાની સ્લીપ નીકળેલ નહિ. જેથી મીતાબહેને પોતાના ખાતામાં બેલેન્સ જોવા માટે ફરીથી ATM મશીનમાં ATM કાર્ડ નાંખી બેલેન્સ જોવા મારા ATM નો પાસવર્ડ નાંખતા હતા ત્યારે તેમની પાછળ એક અજાણ્યો પુરૂષા ઉભો હતો. ત્યારબાદ બેલેન્સ જોઇને ATM કાર્ડ લઇને જ્યારે મીતાબહેન ઘરે જતા હતા ત્યારે તેમના ખાતામાંથી રૂપિયા ૬૨,૦૦૦/- ઉપડી જતા, મીતાબહેને પોતાનુ ATM કાર્ડ ચેક કરતા, ATM કાર્ડ કેનેરા બેન્કનું હતુ પરંતુ તેની ઉપર નામ 'કાર્ડ હોલ્ડર' લખેલું હતુ. જે ATM મશીનમાં પાછળ ઉભેલા અજાણ્યા પુરૂષે મીતાબહેનના ATM નો પાસવર્ડ જાણી લઇ, મીતાબહેનની નજર ચૂકવી તેમનુ ATM કાર્ડ બદલી લઇ તેમના ATM કાર્ડ દ્વારા જૂદા-જૂદા ટ્રાન્ઝેક્શન કરી, મીતાબહેનના બેન્ક ખાતામાંથી કુલ રૂપિયા ૬૨,૦૦૦/- ઉપાડી લીધા હતા. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી વી.કે.મકવાણા ચલાવે છે.

**કારંજઃ** ચંન્દ્રકાન્ત ડામજીભાઇ સોમાણીયા (ઉ.વ.૬૩)(રહે.મીત્ર સોસાયટી મલાવ તળાવ જીવરાજ પાર્ક વેજલપુર) એ તા.૨૮/૦૯/૨૦૨૩ ના રોજ કારંજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૨/૦૯/૨૦૨૩ સવારના ૯/૦૦ થી ૧૦/૦૦ વાગ્યા દરમ્યાન ઘી કાંટા, એમ.જી.માર્કેટ-૨, એસ.વી.કોલેજની બાજુમા દુકાન નંબર-૧૧ "જયશ્રી એન્ટરપાઇઝ" નામની ચંન્દ્રકાન્તભાઇની દુકાનમાં નોકરી કરતા આરોપી (૧) નરેન્દ્ર સુરેશભાઇ જોરીયા (૨) પલ્કેશ નારણભાઇ કહાર (બંને રહે."બી" બ્લોક રસમીવિહાર સોસાયટી સામે લાંભા) અને (૩) આફતાબ સીદ્દી (રહે.બાવાગોરની ચાલી એસ.વી. કોલેજ પાસે પથ્થરકુવા) એ ભેગામળી દુકાનમાંથી જીયાણાની વસ્તુઓ કુલ નંગ-૧૨૯૬ કિંમત રૂપિયા ૯૮,૦૦૦/- ચોરી કરી લઇ ગયા છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી જે.એ.બારોટ ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૧૬૧૧/૨૦૨૩**

**કૃષ્ણનગરઃ** કૌશિકભાઇ જેણાભાઈ પંડ્યા (ઉ.વ.૪૮)(રહે.પ્રભાકર ટેનામેન્ટ જી.ડી.હાઇસ્કુલ રોડ) એ અગમ્ય કારણસર તા.૨૩/૦૯/૨૦૨૩ સવારના ૧૦/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પોતાની જાતે જલદ પ્રવાહી પી લેતા સારવાર અર્થે તેમને સિવિલ હોસ્પિટલ ખાતે દાખલ કર્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૨૮/૦૯/૨૦૨૩ ના કલાક ૧/૦૦ વાગે તેમનુ મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે કૃષ્ણનગર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી હિતેશભાઈ જેસંગભાઈ ચલાવે છે.

**ઓઢવ**ઃ રાજેશભાઇ વિજયભાઇ ગોખે (ઉ.વ.૩૫)(રહે.શિવધારા સોસાયટી, નિર્મલ પાર્ક સોસાયટી રોડ, આંજણા ચોક, ઓઢવ) એ અગમ્ય કારણસર તા.૨૮/૦૯/૨૦૨૩ ના કલાક ૩/૦૦ થી ૪/૩૦ વાગ્યા દરમ્યાન પોતાના ઘરે ઉપરના માળે બહારના ભાગે આવેલ લોખંડની પાઇપ સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે ઓઢવ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી રાજેન્દ્રસિંહ બળવંતસિંહ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી